# વાવાઝોડું 'વરદા'ની અસર ગુજરાત પર પણ થઈ શકે

અમદાવાદ, તા.૧૦ આવતીકાલે આંધ્ર અને તમિળનાડુના તટ ઉપર ત્રાટકનાર વરદા નામના વિનાશક વાવાઝોડાની અસરના પગલે ગુજરાત સહિત રાજ્યના વાતાવરણમાં પલટો આવી શકે છે. એટલું જ નહીં પરંતુ ઉભી થનારી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અમદાવાદ એરપોર્ટ પરથી ઉપડતી ૧૬ જેટલી ફ્લાઈટના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ અંગે મળતી વિગત મુજબ બંગાળની ખાડીમાં ઉદ્દભવેલું વાવાઝોડુ આવતીકાલ સાંજ સુધીમાં આંધ્ર અને તમિળનાડુના તટ વિસ્તારો ઉપર ત્રાટકી શકે છે જેને લઈને આ બંને રાજ્યોના અનેક જિલ્લાઓને હાઈએલર્ટ ઉપર મુકવામાં આવ્યા છે. આ સાથે જ આ વિનાશક વાવાઝોડાના પગલે રાજ્યના વાતાવરણ પર તેની સંભવિત અસર જોવા મળી શકે છે જેને લઈને હવાઈ સેવા અને રેલ સેવા ઉપર આવનારા સમયમાં અસર થઈ શકે છે. આ તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ એરપોર્ટ પરથી ઉપડનારી ૧૬ જેટલી ફ્લાઈટોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું સત્તાવાર સુત્રો તરફથી જાણવા મળ્યું છે.



## પૂર્વ ડીઆઈજી ડી.જી. વણઝારાએ કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણયને યોગ્ય ગણાવ્યો

કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણય સામે જુદા જુદા લોકો જુદા જુદા મત મતાંતર આપી રહ્યા છે ત્યારે નડિયાદ ખાતે આવેલ ગુજરાતના પુર્વ ડી.આઈ.જી ડી.જી વણઝારાએ સરકારના આ નિર્ણયની પ્રશંસા કરી હતી. અને જણાવ્યું હતું કે સરકાર દ્વારા લેવામાં આવેલ આ પગલાથી લાંબા ગાળે પણ દેશને ફાયદો થવાનો છે. વીર ભગતસિંહ યુવા સમિતિ દ્વારા નડિયાદ ખાતે ડી.જી વણઝારાનો સન્માન સમારોહ રાખ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આસપાસના વિસ્તારોમાંથી લોકોએ ભાગ લીધો હતો. ગુજરાતના પુર્વ ડી.આઈ.જી ડી.જી. વણઝારાને ક્લીન ચીટ મળ્યા બાદ સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર તેમના સન્માન સમારોહ થઈ રહ્યા છે. ત્યારે નડિયાદ ખાતે આજે તેમનો ૪૦મો સન્માન સમારોહ યોજાયો હતો. સમારોહની શરૂઆત નડિયાદના સંતરામ મંદિરથી થઈ હતી. ત્યાથી એક વિશાળ બાઈક રેલી નિકાળવામાં આવી હતી જે શહેરના વિવિધ ભાગોમાં ફરીને કપડવંજ રોડ પર આવેલ જલારામ મંદિર ખાતે પહોંચી હતી. જ્યાં વણઝારા દ્વારા એક વિશાળ જનસભાને સંબોધવામાં આવી હતી. આ જનસભાને સંબોધતા વણઝારાએ કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો અને જણાવ્યું હતું કે સરકાર દ્વારા લેવામાં આવેલ આ પગલુ દેશ હિતમાં છે. અને તેનાથી લાંબા ગાળે દેશને ફાયદો થવાનો છે.

# અંબાજીમાં ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘનું શૈક્ષણિક અધિવેશન યોજાયું

પાલનપુર, તા. ૧૧ વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે મહેસૂલ અને શિક્ષણ વિભાગના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું પાંચમુ શૈક્ષણિક અધિવેશન યોજાયું હતું. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે સમાજનો દરેક વ્યક્તિ સારો, સંસ્કારી અને રાષ્ટ્રપ્રેમી હોય તેવી સમાજ અપેક્ષા રાખતો હોય છે. સમાજની આ અપેક્ષાઓ પુરી કરવાનો અને સારા નાગરિકો તૈયાર કરવાની સંપૂર્ણ જવાબદારી શિક્ષકોની છે. તેમણે કહ્યું કે સારા નાગરિકો તૈયાર કરવાના ઉત્તમ કાર્ય સાથે શિક્ષકો સમાજની ખુબ મોટી સેવા કરી શકે છે. તેમણે ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોને સંબોધતા જણાવ્યું કે આપણે પ્રાથમિક શાળાથી શરૂ કરી કોલેજમાં ભણતા વિધાર્થીઓના શિક્ષણની ચિંતા કરવી પડશે. તો જ સમાજમાં પરિવર્તન લાવી શકાશે. તેમણે કહ્યું કે હાઈસ્કુલનો શિક્ષક પ્રાથમિક શાળામાં જઈ પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિધાર્થીઓને હૂંફ અને પ્રેરણા પુરી પાડે તે જરૂરી છે. મંત્રીએ ટેક્ષટાઈલ મીલ માલિકનું ઉદાહરણ આપતાં કહ્યું કે એક ટેક્ષટાઈલ મીલનો માલીક કાપડ બનાવતા પહેલાં ગામડામાં ખેડૂતના ખેતરમાં જઈ તેના ખેતરમાં વાવેલા કપાસનું ચેકીંગ કરે છે કે આ કપાસ મારી મીલનો કાચો માલ છે. અને તે તૈયાર થઈને મારી મીલમાં આવવાનો છે. તેવી જ રીતે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોએ આ કામ કરવું જોઈએ. પોતાની સ્કૂલમાં જે વિધાર્થીઓ ભવિષ્યમાં આવવાના છે તેમની મુલાકાત લઈ ચકાસણી કરવી જોઈએ.



મંત્રી ચુડાસમાએ કહ્યું કે શિક્ષક વિદ્યાર્થી માટે મા સમાન છે. સમાજનું પ્રત્યેક બાળક શિક્ષક માટે પોતાનું છે તેવા ભાવ સાથે તેમને શિક્ષણ આપવું જોઈએ. તેમણે કહ્યું કે શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષકની આતુરતાથી રાહ જુએ, વિદ્યાર્થીને શિક્ષક વિના ગમે નહીં, તેને જ સાચો શિક્ષક કહેવાય તેમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખ પંકજભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે ઉચ્ચત્તર માધ્યમિક શાળા શિક્ષક સંઘ ફરજ પાલન પ્રત્યે હંમેશા અગ્રેસર રહ્યું છે. તેવી જ રીતે શિક્ષકોના હક્કો માટે પણ રજુઆત કરતું રહ્યું છે. તેમણે કહ્યું કે શિક્ષકોના પ્રશ્નો ઉકેલવા બદલ રાજય સરકારનો મંડળ આભાર માને છે.

પ્રસંગે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ યુનાઈટેડ ફોર ક્વોલીટી એજ્યુકેશન ઓલ વિષય પર લેખક નારાયણ ગુરૂએ સુંદર પ્રવચન કર્યું હતું. મંડળના મહામંત્રી વિનોદભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ પિયુષભાઈ શાહ, બોર્ડ સભ્ય જયંત ગડારા, પ્રકાશ પટેલ, મહેશભાઈ પટેલ, પૂર્વપ્રમુખો, બોર્ડ સભ્યો સહિત વિશાળ સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## ગેરકાયદે કોલ સેન્ટરના બે આરોપીઓને ઝડપી લેવાયા

અમદાવાદ, તા.૧૧ શહેરમાં છેલ્લા ઘણા સમયથી કોલ સેન્ટરના નામે નાણા પ્રોસેસીંગ કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બહાર આવવા પામી છે જેમાં વસ્ત્રાપુર વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદેસર કોલ સેન્ટર કૌભાંડના બે આરોપીઓને સાઈબર સેલ દ્વારા પકડવામાં આવ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે, શહેરના વસ્ત્રાપુર ખાતે ચાલી રહેલા કોલ સેન્ટરમાં પ્રહર પરીખ રહે વનદેવી બંગલો, સ્મૃતિ મંદિર નજીક ઘોડાસર અને અનુજ મયુર વિઠલાણી (૨૩) રહે. વર્તમાનનગર સોસાયટી દાદા સાહેબના પગલા પાસે નવરંગપુરા ટુર્સ અને ટ્રાવેલ્સનો ધંધો કરતા હતા. આ દરમિયાન વર્ષ ૨૦૧૫માં ટુરિઝમના ગ્રાહક પ્રણવ શાહ કે જે હાલ શિકાગો ખાતે રહે છે. તેની સાથે સંપર્કમાં આવ્યા હતા જ્યાં તેમણે ટાર્ગેટ ગીફટકાર્ડના કાર્ડ નંબર અને પીનનંબર મેળવી મોકલી આપવાની વાત કરી હતી અને સારુ એવું કમિશન મળવાની લાલચ પણ આપી હતી.



## શહેરમાં બે સ્થળો પર આઈચેક-અપ કેમ્પ યોજાયા

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા સેકટર-૨૪ પ્રાથમિક શાળા અને સેકટર-૯ રોહિદાસ સેવા સંકુલ ખાતે દલિત સમાજના ભાઈબહેનો અને સૌ નગરજનો માટે આઈચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરના જાણીતા આંખના ડો. તેજલબેન દલાલ તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા. સેકટર-૨૪માં સવારે ૧૫૦થી વધુ નાગરીકોની આંખની તપાસ કરી હતી. જયારે સેકટર-૯ ખાતે ૧૧૫ જેટલા નાગરીકોએ આંખની ચકાસણી કરાવી હતી. આ કેમ્પમાં જરુરી દવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે દલિત સમાજના આગેવાનો અને રાજકીય અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# અમદાવાદ શહેરના વેપારીઓ દ્વારા તૈયારીઓ આરંભી દેવાઈ

અમદાવાદ, તા.૧૧ દેશમાં ડિમોનિટાઈઝેશન બાદ દેશમાં ભલે અફરા તફરીને માહોલ સર્જાયો હતો. પરંતુ હાલની પરિસ્થિતિ જોતા લાગી રહ્યું છે કે એકાદ બે મહિનામાં પરિસ્થિતિ થાળે પડી જશે એમ સિંધી માર્કેટના વેપારીઓ આશઆ સેવી બેસી રહ્યાં છે. આજે નોટબંધીના નિર્ણય બાદ મની ક્રાઈસીસને પહોંચી વળવા માટે કેટલાંક નાના વેપારીઓએ પણ તેનો રસ્તો શોધી કાઢ્યો છે. ચોક્કસ આંકડો આપવો મુશ્કેલ છે પણ અમદાવાદમાં આજે કેટલાંક નાના વેપારીઓએ ઈ વોલેટથી પેમેન્ટ સ્વીકારવાનું શરૂ પણ કરી દીધું છે. આજે કાપડ માર્કેટમાં પહેલા જેટલી ધકારી નથી પરંતુ ડિમોનિટાઈઝેશનના નિર્ણયને તમામ વેપારીઓ સો ટકા આવકારી રહ્યા છે.

આજે પરિસ્થિતિને પહોંચી વળવા લોકો વચ્ચેનો રસ્તો કાઢી રહ્યાં છે. આજે લગ્ન સિઝન ચાલી રહી હોવા છતાંપણ કાપડ માર્કેટમાં મંદી જોવા મળી રહી છે પરંતુ વેપારીઓના મોઢે એક અનોખી ખુશી જોવા મળી રહી છે. હા વેપારીઓ બીજી તરફ દુખી પણ છે. કારણ કે આજે કેશનો વ્યવહાર અટકી ગયો છે. બેંકોમાં ફંડ નથી અને વેપારીઓ પાસે પૈસાનો અભાવ છે. વળી તમામ વેપારીઓ મોટાભાગે ચેકથી પેમેન્ટ કરે છે. તો ગ્રાહકો પાસેથી તો તેઓને રોકડા જ મળે છે. ભલે આજે માર્કેટના ટર્ન ઓવરમાં ઘટાડો હોય પણ દેશના વિકાસની વાતને તેઓ સહયોગ આપવા સો ટકા પ્રતિબદ્ધ હોય એવી કડી તેમના ચહેરા પરથી મળી રહી છે.

## કંપની સમાચાર

### કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈએ અમદાવાદમાં તેનું સૌ પ્રથમ લિવર ટ્રાન્સપ્લાન્ટ ક્લિનિક શરૂ કર્યું

મુંબઈ સ્થિત કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ મેડીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ(KDAH)એ અમદાવાદમાં તેનું પ્રસિદ્ધ અને આધુનિક લિવર ટ્રાન્સપ્લાન્ટ ક્લિનિક શરૂ કર્યુ છે. KDAH મુંબઈ પશ્ચિમ ભારતમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ માટેનું આધુનિક અને સંપૂર્ણ સેન્ટર શરૂ કરનારી પ્રથમ હોસ્પિટલ હતી.

ભારતના અગ્રણી લિવર ટ્રાન્સપ્લાન્ટ સ્પેશ્યાલિસ્ટ ડૉ. વિનય કુમારન (કન્સલ્ટન્ટ અને હેડ-હેપેટોબિલિયરી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટ, KDAH) લિવરને લગતી તમામ પ્રકારની સમસ્યાઓથી પિડાતા અમદાવાદના દર્દીઓની સારવાર કરશે. ડૉ. વિનય કુમારન ૭૦૦ લિવર ટ્રાન્સપ્લાન્ટસનો એક દાયકાથી પણ વધુ સમયનો અનુભવ ધરાવે છે. છેલ્લા ત્રઝ વર્ષમાં તેમણે ૧૬૫થી વધુ લિવર ટ્રાન્સપ્લાન્ટસ કર્યા છે. કાઈઝન હોસ્પિટલ, અમદાવાદ સહયોગથી લોંચ કરવામાં આવેલું આ ક્લિનિક લિવરને લગતી તમામ સમસ્યાઓનું નિદાન અને સારવાર કરશે, જેમાં લિવર સિરોસિસ, લિવર ટ્યુમર, ગોલ બ્લેડર અથવા બાઈલ ડકટસ, કેન્સર અને પેન્ક્રિયાસમાં પથરીનો સમાવેસ થાય છે.

કોકિલાબેન હોસ્પિટલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. રામ નારાયણે જણાવ્યુ હતું કે, "કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલનું ફોક્સ હંમેશા મુંબઈમાં શ્રેષ્ઠ મેડીકલ સારવાર આપવા પર રહ્યું છે. અમે દર્દીઓને વિશ્વકક્ષાની સુવિધા આપવા પર ભાર મુકીએ છીએ. ગુજરાતમાં સંપૂર્ણ લિવર ટ્રાન્સપ્લાન્ટ સુવિધાની અછતને કારણે અમારે ત્યાં રાજ્યમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ આવે છે.

### નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં જનરલ ઈન્સ્યોરન્સ ઉદ્યોગનું કદ ૧.૨ લાખ કરોડને આંબી જાય તેવી અપેક્ષા : વીમા ઉદ્યોગના નિષ્ણાતોનો અંદાજ

વીમા ઉદ્યોગના નિષ્ણાતો મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં જનરલ ઈન્સ્યોરન્સ ઉદ્યોગનું કદ રૂ. ૧.૨ લાખ કરોડના આંકડાને આંબી જશે તેવી અપેક્ષા છે, જેનું કદ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૯૬,૩૯૪ કરોડ હતું. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી), ગુજરાત સ્ટેટ કાઉન્સિલે અનાર ઈન્સ્યોરન્સ બ્રોકર્સ લિમિટેડ સાથે એક દિવસીય સેમિનાર "મેનેજમેન્ટ ઓફ ઈન્સ્યોરન્સ કલેઈમ્સ - વે ફોરવર્ડ'. (વીમાના દાવાનું વ્યવસ્થાપન - ભવિષ્યનો માર્ગ)નું આયોજન કર્યું હતું, જેમાં વીમા ઉદ્યોગના નિષ્ણાતોએ વીમા ઉદ્યોગના વર્તમાન પ્રવાહો, વીમા સંબંધિત દાવામાં પડકારો, દાવાના વ્યવસ્થાપનના વિવિધ પાસાં અને નવીનતા પર ગ્રાહકોના અનુભવ જેવા મુદ્દાઓ પર ચર્ચાવિચારણા કરી હતી.

ભારતમાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭થી જનરલ ઈન્સ્યોરન્સ ઉદ્યોગ વાર્ષિક આશરે ૧૬ ટકાના દરે વિકાસ કરી રહ્યો છે, પણ વધુને વધુ લોકોને વીમાની જાળમાં લાવીને વીમા ઉદ્યોગ આગામી ૧૦ વર્ષમાં પોતાનું કદ ચાર ગણું કરશે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ છ મહિના દરમિયાન જનરલ ઈન્સ્યોરન્સ ઉદ્યોગમાં ૨૮ ટકાથી વધારે વૃદ્ધિ જોવા મળી છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

જયારે વ્યક્તિ મંડળીનું સભ્યપદ સ્વીકારે ત્યારે સ્વેચ્છાએ આવા નિયંત્રણો પણ સ્વીકારેલા જ ગણાય.

ઉપરોકત હક્કિતે જયારે વ્યક્તિ સ્વતંત્ર માલીક તરીકે મીલ્કત ખરીદ કરે છે ત્યારબાદ તેવી મીલ્કતના નિકાલ પોતાની ઈચ્છાથી કરવા હક્ક, અધિકાર ધરાવે છે. વ્યક્તિઅ મીલ્કત ખરીદ કરતા સમયે વેચાણ દસ્તાવેજમાં કે કરારમાં મીલ્કતની તબદીલી અંગેના નિયંત્રણો મુકવામાં આવ્યા હોય તો તેવા નિયંત્રણો મુકેલ દસ્તાવેજ કાયદની જોગવાઈ મુજબ રદબાતલ ગણાય છે. આવા કરારનું વિશિષ્ટ પાલન નામદાર કોર્ટ દ્વારા કરાવી મુકેલી શરતોનું પાલન વેચાણ આપનાર વ્યક્તિ કરાવી શકે નહિ. આવી શરત ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૧૦ મુજબ આપોઆપ જ રદબાતલ ઠરે છે જેને ભારતીય બંધારણની કલમ ૩૦૦(એ) મુજબ સંવિધાનથી સમર્થન આપેલ છે.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

ગણવામાં આવે છે. હવે સંઘના 'અધિકારીઓ' રાષ્ટ્રધ્વજ સંઘ કાર્યાલય કે અન્યત્ર ફરકાવતા થયા હોવા છતાં ઘણાનું માનવું છે કે ભારતનો રાષ્ટ્રધ્વજ તો ભગવો જ હોવો જોઈએ. બંધારણ સભાની રાષ્ટ્રધ્વજ સમિતિએ પણ ભગવા ધ્વજની ભલામણ કરી હતી.

ભારતની બંધારણ સભામાં માન્યતાપ્રાપ્ત રાષ્ટ્રગીત 'જન ગણ મન' અને તેને સમકક્ષ ગણાવાયેલા રાષ્ટ્રગાન 'વંદે માતરમ'નો વિવાદ વર્ષોથી ચાલતો રહ્યો છે. હકીકતમાં અન્ય દેશોમાં પોતાનાં રાષ્ટ્રગીત કે રાષ્ટ્રધ્વજ બદલી શકાતાં હોય તો ભારતમાં કેમ નહીં? આવો પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે. પાડોશી દેશ પાકિસ્તાનનું સર્વપ્રથમ રાષ્ટ્રગીત 'તરાના-એ-પાકિસ્તાન' ૧૪ ઓગષ્ટ ૧૯૪૭ના ગવાયું હતું. એ ગીતના રચયિતા જગન્નાથ આઝાદ હતા અને તેમણે કાયદે આઝમ મોહમ્મદ અલી ઝીણાના અનુરોધથી એની રચના કરી હતી. આ રાષ્ટ્રગીત વિશે પણ વિવાદ રહ્યો છે એટલે એ પછી પાકિસ્તાનનું રાષ્ટ્રગીત બદલાયું છે. 'કૌમી તરાના'ને રાષ્ટ્રગીત તરીકે ઓગસ્ટ ૧૯૫૪માં સત્તાવાર સ્વીકૃતિ મળી હતી. આ રાષ્ટ્રગીતની રચના હાફિઝ જલંધરીએ ૧૯૫૨માં કરી હતી. દેશના રાષ્ટ્રધ્વજને પણ અનુકૂળતા મુજબ બદલી શકાય છતાં ભારતીય રાષ્ટ્રધ્વજ અંગે માત્ર વિવાદ જ ચાલ્યા કરે છે.

ઘણા બધા દેશોનાં નામ પણ બદલાય છે અને પ્રચલિત બની જાય છે. જેમ કે બર્મા કે બ્રહ્મદેશ હવે મ્યાનમાર તરીકે દુનિયાભરમાં સ્વીકૃત છે. સિલોન-લંકા હવે શ્રીલંકા તરીકે સ્વીકૃત છે, પરંતુ ભારતીય બંધારણમાં ભારતનું નામ 'ઈન્ડિયા ધેટ ઈઝ ભારત' જેવું વિચિત્ર છે. એના નામકરણ અંગે અત્યારે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને વાજપેયી સરકારમાં પ્રધાન રહેલા રામ નાઈક અને બીજા સાંસદોએ સંસદમાં સુધારા-વિધેયક પણ રજૂ કર્યાં હતાં, પણ તેમનું સૂચવેલું નામ 'હિંદુસ્થાન' કદાચ માફક આવ્યું નથી. સંઘ પરિવારમાં 'ભારત' પ્રચલિત છે, પણ હજુ સંસદે એને પણ સ્વીકૃતિ આપી નથી. ભારતીય પ્રજામાં રાષ્ટ્રભક્તિનું આરોપણ કરવા માટે વિવિધ નુસખાઓ અજમાવાય છે, પણ એ રાષ્ટ્રભાવનાને પ્રચલિત કરવાનો યોગ્ય માર્ગ નથી. પ્રજાને પોતાના દેશ, દેશની નાગરિકતા, એના રાષ્ટ્રગીત, રાષ્ટ્રગાન અને પ્રતિષ્ઠા માટે ગૌરવ જન્મજાત હોવું ઘટે. રાષ્ટ્ર ભક્તિ એ કાંઈ ટ્રાન્સપ્લાન્ટ કરવાની હોય નહીં.

**- haridesai@gmail**

## સમરસ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુરુવાર બાદ ગ્રામીણ વિસ્તારમાં પ્રચાર યુધ્ધ શરૂ થશે તેવું પણ રાજકીય વર્તુળો કહી રહ્યા છે. કેટલાક ગામ એવા થશે જયાં સરપંચ બિનહરિફ થશે તો કેટલાક વોર્ડ એવા હશે જે બિનહરિફ થશે. જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ૧૯૪ સરપંચની બેઠકો અને ૧૭૮૦ સભ્યોની બેઠકો માટે જંગ છે.

## ભારે હાલાકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકોએ ત્રણ રજાઓ દરમિયાન પૈસા સાચવીને વાપરવાનો વારો આવ્યો હતો. બેંકોમાં જાહેર રજાઓને કારણે આજે લોકોએ પોતાના ખાતામાં જમા રકમમાંથી પૈસા ઉપાડવા એટીએમો ઉપર સવારથી જ લાંબી લાઈનો લગાવી દીધી હતી. એટીએમ ઉપર લોકોએ લાંબી લાઈનો લગાવતાં કેટલીક બેંકોના એટીએમ મશીનમાં કેશ ખુટી જતાં બપોરે કેટલાક એટીએમો બંધ કરવા પડયા હતાં.

કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ પોતાનો નંબર આવે તે પહેલા જ એટીએમમાં કેશ ખુટી જતાં લોકોએ નિરાશ થઈને પાછા ફરવું પડયું હોવાની ઘટનાઓ પણ બનવા પામી હતી.

## ખેતીનો પ્રોત્સાહિત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાંગ દેસાઈએ હવે વિસ્તરણ અધિકારીની કામગીરીનો સમગ્રતયા નહિ પણ ઝોનવાર રિપોર્ટ તેમને મળે તેવો આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યુ કે જિલ્લામાં મગફળીની ખેતીનો પ્રયોગ સફળ રહ્યો છે. રવિ સિઝનમાં ચણાની ખેતીનો પ્રયોગ થયો છે તેને આવકાર્યો હતો.

જિલ્લા ખેતીવાડી અધિકારી મહાવીરસિંહ વાઘેલાએ જિલ્લામાં કૃષિ ઉત્પાદન ક્ષેત્રે થયેલી પ્રગતિની આંકડાકીય વિગતો આપી હતી. તેમણે જણાવ્યુ કે જિલ્લામાં કૃષિ ઉત્પાદનની સાથે સાથે ગુણવત્તાસભર ઉત્પાદન થઈ રહ્યાનો દાવો પણ કર્યો હતો અને જણાવ્યું હતું કે બટાટા, ટીસ્યુ કલ્ચરલ ખેતીના સફળ પ્રયોગો જિલ્લામાં થયા છે અને તેને સારો પ્રતિસાદ બજારમાં પણ સાંપડ્યો છે.

આ બેઠકમાં જિલ્લાના ખેતીવાડી શાળાના અધિકારીઓ તેમજ ગ્રામસેવકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ઈ-વોલેટની શરૂઆત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લારી કે દુકાનો ધમધમતી હોય છે. તો કેટલાંક એવા પણ નાના મોટા ધંધાદારી છે કે જેઓ રોડ ફાસ્ટફુડનું વેચાણ કરતા હોય છે. તે લોકો પણ કેશલેસ સિસ્ટમને અપનાવે તે માટે કેટલાંક પ્રયાસોની જરૂર છે. મોટાભાગના ફાસ્ટફુડના વ્યવસાયમાં કેશથી જ વ્યવહાર થાય છે. યંગ જનરેશન આજે ચોકકસ કેશલેસને સ્વીકાર કરશે. કારણે કે તેઓ ટેકનોલોજી અને સિસ્ટમથી પરિચિત છે. પણ જે લોકોને નથી આવડતું કે સમજ નથી પડતી તેઓએ શીખવાની જરૂર છે. કેશલેસ બન્યા બાદ પહેલાં તો છુટ્ટાની ઝંઝટ અને ભ્રષ્ટાચાર હળવો થશે. કારણ કે દરેક ટ્રાન્જેકશન દેખરેખ હેઠળ હશે. ઉપરાંત ખિસ્સામાં પૈસા નહીં હોય તો પણ કેટલાંક વ્યવહાર સચવાઈ જશે.

## પોલીસ બંદોબસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવલે બંદોબસ્ત સ્કીમ તૈયાર કરી છે. કયા પોઈન્ટ પર કોણ બંદોબસ્તમાં તૈનાત રહેશે તે પોલીસે શુ-શુ ધ્યાન રાખવું ? તે સહિતની વિગતવાર માહિતી આપવા અને ડ્યુટી સોંપવા ૧૫ ડિસે.થી ૨૫ ડિસે. દરમ્યાન તબક્કાવાર પોલીસને ગાંધીનગર રિહર્સલ માટે બોલાવવામાં આવશે. બંદોબસ્ત સ્કીમ પ્રમાણે ૧૦ દિવસ સુધી ગાંધીનગરમાં રિહર્સલ ચાલશે.

## કારોબાર પકડાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલ અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે. તે પછી ચાલી રહેલા સર્ચ ઓપરેશન દરમિયાન જોઈન્ટ સીપી યાદવે કહ્યું કે, જે નોટો મળી છે તેમાં ૨.૬ કરોડ રૂપિયાની નવી ૨૦૦૦ની નોટો મળી આવી છે ત્યાં સાત કરોડ રૂપિયા ૧૦૦૦ની નોટના સ્વરુપમાં મળ્યા છે તો ત્રણ કરોડ રૂપિયા ૧૦૦ની નોટોના રુપમાં મળ્યા છે. બાકી જે રકમ વધી છે તેમાં રૂપિયા ૫૦ અને ૫૦૦ની નોટો પણ મળી આવી છે. જે પ્રમાણે રોહિત ટંડનની ઓફિસમાંથી આટલી મોટી માત્રામાં રોકડ મળી આવી તેને લઈને તપાસ કરી રહેલા આયકર વિભાગના અને પોલીસ કર્મચારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કેમ કે ટંડને તેની ઓફિસમાં રાખવામાં આવેલા કબાટોના ખાનાઓમાં આ નોટો થપ્પીઓની થપ્પીઓ મુકી હતી. આ સાથે જ કોથળાઓ અને શુટકેસોમાં પણ રૂપિયા ભરેલા મળી આવ્યા હતા. વકીલ રોહિત ટંડન માટે એક વાત એ પણ બહાર આવી છે કે, ગત મહિને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા રેડ પાડવામાં આવી હતી જેમાં ૧૨૮ કરોડ રૂપિયાની બિનહિસાબી રકમ જાહેર થવા પામી હતી.

## વરદા વાવાઝોડું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પશ્ચિમ તરફ આગળ વધશે. ૧૨મી ડિસેમ્બરે સાંજ સુધીમાં તે નેલ્લોર કાકીનાડાની વચ્ચે આંધ્રપ્રદેશના તટને પાર કરવાની સંભાવના છે. ક્ષેત્રિય મોસમ વિભાગના નિર્દેશક એસ બાલાચંદ્રનના કહેવા અનુસાર આ ચક્રવાતના પ્રભાવથી આંધ્રપ્રદેશના અનેક વિસ્તારોમાં મૂશળધાર વરસાદ પણ વરસી શકે છે. ગોદાવરી, પશ્ચિમી ગોદાવરી, ક્રિષ્ણા, ગુંટુર અને પ્રકાશન જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

## સેવા ખોરવાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પર સાત ડોમેસ્ટિક અને એક ઈન્ટરનેશનલ ફ્લાઈટ મોડી પડી છે. ચાર ડોમેસ્ટિક ફ્લાઈટ રદ કરવામાં આવી છે. આ અગાઉ શનિવારે ધુમ્મસના કારણે રેલવે બોર્ડે ૧૭મી ડિસેમ્બરથી ૧૫મી જાન્યુઆરી ૨૦૧૭ સુધીની ૩૨ ટ્રેનોને રદ કરી દીધી છે. ૨૮ ટ્રેનોના આવવા તેમજ જવાના સમયમાં ઘટાડો કરી દીધો છે. આ સપ્તાહમાં શુક્રવારે ૧૧૫ ટ્રેન મોડી હતી જ્યારે શનિવારે ૧૦૧ મોડી હતી. ડિસેમ્બર મહિનામાં ધુમ્મસના કારણે રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. રેલવે સ્ટેશન પર યાત્રી બેહાલ બન્યા છે.

## અનેક વિક્રમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવેલા સ્કોરથી સૌથી વધુ છે. આ અગાઉ આ વિક્રમ મહેન્દ્રસિંહ ધોનીના નામે હતો. મહેન્દ્રસિંહ ધોની ૨૨૪ રન ફેબ્રુઆરી ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા સામે બનાવ્યા હતા. વિરાટે કેપ્ટન તરીકે આ વર્ષમાં ન્યુઝીલેન્ડ સામે ૨૨૧ રન બનાવ્યા હતા. આ અગાઉ સચિન તેંડુલકરે ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ૧૯૯૯માં ૨૧૭ રન અને સુનિલ ગાવસ્કરે વેસ્ટઈન્ડિઝ સામે ૧૯૭૮માં ૨૦૫ રન બનાવ્યા હતા. સુકાની તરીકે એક વર્ષમાં ત્રણ બેવડી સદી ફટકાર વિરાટ તે પહેલો ભારતીય સુકાની બન્યો છે. વિરાટે ૨૦૧૬ના વર્ષમાં અત્યાર સુધીમાં મુંબઈની સદી સાથે કુલ ચાર સદી બનાવી છે જેમાં તેને છેલ્લી ત્રણ સદીમાં તે ૨૦૦નો આંકડો વટાવી જવામાં સફળ રહ્યો છે. ૨૧મી જુલાઈ ૨૦૧૬ના દિવસે વિરાટે વેસ્ટઈન્ડિઝ સામે નોર્થ સાઉન્ડમાં ૨૦૦ રન બનાવ્યા હતા તે પછી આઠમી ઓક્ટોબર ૨૦૧૬ના દિવસે ન્યુઝીલેન્ડ સામે ઈન્દોરમાં ૨૧૧ રન બનાવ્યા હતા જ્યારે આજે રવિવારે વાનખેડે ખાતે ભારતીય સુકાનીઓમાં સૌથી વધુ ૨૩૫ રન બનાવી તેણે સચિન અને ધોનીને પાછળ છોડી દીધા છે.